**<u>વલ્લભીપુરના પ્રિન્સિપાલ સિવિલ જજ અને જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં,</u>**

ફોજદારી કેસ નં.૭૨૯/૨૦૨૫

આંક–૧ લગત હુકમ

ફરીયાદી : શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી : **જગદીશભાઈ રમણીકભાઈ ઝાપડીયા**

**ગુન્હોઃ – ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ અન્વયે**

**:: ચુકાદો ::**

૧. આ કામના આરોપી સામે ફરિયાદપક્ષના કેસ મુજબ ચાર્જશીટના કોલમ નં.૪ મુજબનો ગુન્હો કરેલ હોવાથી આરોપી સામે ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા માટે પોલીસે ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આજરોજ આરોપી તેઓના વિદ્વાન વકીલ શ્રી સાથે અત્રેની અદાલતમાં હાજર છે.

૩. ચાર્જશીટના આધારે આ કામના આરોપીને બી.એન.એસ.એસ ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ પેપર્ટની નકલ પુરી પાડવામાં આવેલ અને આરોપી સ્વૈચ્છાએ પોતાનો ગુન્હો કબુલ કરતા હોય અને આ કામના આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે. તે ધ્યાને લેતાં, તેમાં તેમને ભવિષ્યમાં ગુન્હો નહી બને તેની ખાત્રી આપી છે, તેથી આરોપીની ગુન્હા કબુલાત સાચી અને સ્વૈચ્છીક હોય નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો પ્રગટ કરે છે.

૪. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૩ હેઠળ સમુદાય સેવા ( Community Service) ને કોર્ટ દ્વારા દોષિતને સજાના એક સ્વરૂપ તરીકે સોંપવામાં આવેલું કાર્ય કે જે સમુદાયને ફાયદો પહોંચાડે, જેના માટે તેને કોઈ વળતર મળશે નહી" તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. અપરાધીઓને કયા પ્રકારનું કામ સોંપવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી, પરંતુ તેમની લાયકાત અને કૌશલ્યોના આધારે, કાર્યોમાં શેરીઓ સ્વચ્છ કરવી, સામાજિક કલ્યાણ પ્રોજેક્ટ્સમાં મદદ કરવી, હોસ્પિટલોમાં સેવા આપવી અથવા પર્યાવરણીય સંરક્ષણ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો સમાવેશ થઈ શકે છે. BNS ની કલમ 4(f) હેઠળ સમુદાય સેવાને સજાના એક પ્રકાર તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે છ ગુન્હાઓ માટે આપી શકાય છેઃ (i) કલમ ૨૦૨ઃ જાહેર નોકર દ્વારા ગેરકાયદેસર વેપાર કરવો ; (ii) કલમ ૨૦૯ઃ BNSS ની કલમ 84 હેઠળ ઘોષણાના જવાબમાં કોર્ટમાં હાજર ન થવું ; (iii) કલમ ૨૨૬ઃ કાયદેસર સત્તાના ઉપયોગને ફરજ પાડવા અથવા રોકવા માટે આત્મહત્યાનો પ્રયાસ; (iv) કલમ ૩૦૩(૨) : ચોરી જેમાં ચોરાયેલ મિલકતનું મૂલ્ય રૂ.૫૦૦૦ થી ઓછુ હોય અને વ્યકિત પ્રથમ વખત દોષિત ઠરે અને મિલકતનું મૂલ્ય પરત કરેઃ (v) કલમ ૩૫૫ : નશામાં ધૂત વ્યકિત દ્વારા જાહેર સ્થળે ગેરવર્તનઃ (vi) કલમ ૩૫૬(૨) : બદનક્ષી.

૫. હાલના કેસમાં પણ આરોપી જાહેરમાં હથીયાર તરીકે લાકડી રાખી મળી આવતા તેઓ વિરૂદ્ધ હાલની ફરિયાદ કરવામાં આવેલ અને તેના અંતે હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ.

૬. તેથી આ કામના આરોપીની ગુન્હા કબુલાતના આધારે જ તેઓ તકસીરવાન ઠરતા હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું:

**--૦( આ ખ રી હુ ક મ )૦--**

૧. આરોપી **જગદીશભાઈ રમણીકભાઈ ઝાપડીયા** ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ-૨૦૨૩ ની કલમ-૨૭૫ અન્વયે ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ ના ગુનામાં દોષીત ઠરાવી આરોપીને કેન્દ્રવર્તી શાળા નં.૧/૨, વલ્લભીપુરમાં એક છોડ રોપવાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોક્ત દંડનું પાલન કરવામાં કસુર કરે તો દિન-૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય વિત્યેથી સરકારમાં ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ હુકમની યાદી કેન્દ્રવર્તી શાળા નં.૧/૨, વલ્લભીપુર નાઓને કરવી.

હુકમ આજરોજ તારીખ ૬ઠ્ઠી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ વલ્લભીપુર

તારીખઃ ૦૬.૦૪.૨૦૨૬

આકાર લલિતકુમાર ત્રિવેદી
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વલ્લભીપુર
કોડ નં. જીજે૦૧૫૫૭

રાજેશ સી.પારેખ
પી.એ.